પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૭૦ | ૧૧ ડિસેમ્બર, ૨૦૧૬, રવિવાર ; માગશર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કાળા-ધોળા કરનારને છોડાશે નહીં : મોદી

ડિસા ખાતે વડાપ્રધાન દ્વારા વિપક્ષો ઉપર આકરા પ્રહારો : વિપક્ષોને સંસદની કાર્યવાહી ચાલુ રાખવા રાષ્ટ્રપતિ જેવાને અપીલ કરવી પડે તે દુઃખદ છે : દેશવાસીઓ ઇ-વોલેટ, એમ-વોલેટનો ઉપયોગ કરે

અમદાવાદ, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી નોટબંધી બાદ પહેલી વખત આજે ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. વડાપ્રધાને આજે ડિસા ખાતે યોજાયેલી જંગી જાહેરસભામાં નોટબંધીના મામલે વિપક્ષો દ્વારા કરવામાં આવી રહેલા પ્રહારોનો જડબાતોડ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, નોટબંધીથી આતંકવાદ અને નક્સલવાદના ફનને લોક કરાશે અને ખોટી નોટોનો કારોબાર તુટી પડશે. ૭૦ વર્ષોથી દેશને લુટવાવાળા, ભ્રષ્ટાચારને પાળવા વાળા અને પોષવા વાળા આજે લોકોના નામે દુહાઈ આપી રહ્યા છે. તેમણે રાષ્ટ્રપતિના નિવેદનને ટાંકતા વિપક્ષ ઉપર પ્રહાર કરતા કહ્યું કે, રાષ્ટ્રપતિ એવા જાહેર જીવનમાં પડેલા વ્યક્તિને પણ વિપક્ષોને સંસદની કાર્યવાહી સુચારુરીતથી ચાલવા દેવા માટે અપીલ કરવી પડે તેનાથી મોટી દુખની વાત કોઈ નથી. વિપક્ષોએ અનેક વખત વડાપ્રધાન સંસદમાં નોટબંધીના મામલે નિવેદન આપતા નથી તેવા નિવેદનો કર્યા છે તેનો વળતો જવાબ આપી અને વડાપ્રધાને કહ્યું કે, હું યોગ્ય સમયે ગૃહમાં મારુ વક્તવ્ય આપીશ તે માટેનો સમય આવશે ત્યારે નિવેદન પણ આપીશ. આ સાથે જ તેમણે બ્લેકમની સાથે સંકળાયેલા લોકોને

● અનુસંધાન પાન-૭ પર

ચેન્નાઈ એરપોર્ટ પરથી ૨૮ કિલો સોનું ઝડપાયું

ચેન્નાઈ, તા.૧૦

દેશભરમાં નોટબંધીના અમલ બાદ આયકર વિભાગ દ્વારા વિવિધ સ્થળોએ દરોડા અને સર્ચ ઓપરેશનની કાર્યવાહી વધુ ઝડપી બનાવવામાં આવી છે જેમાં આજે ચેન્નાઈ એરપોર્ટ પરથી ૨૮ કિલો સોનું જપ્ત કરવામાં સીઆઈએસએફને સફળતા મળી છે. સુત્રો તરફતી મળતી વિગત મુજબ સીઆઈએસએફને અગાઉથી મળેલી બાતમીના આધારે જડતી લેવામાં આવતા આ ૨૮ કિલો સોનાનો જથ્થો પેસેન્જર પાસેથી મળી આવ્યો છે. આ ઉપરાંત આવા જ પ્રકારના એક અન્ય ઓપરેશનમાં રાંચી ખાતે આવેલા એરપોર્ટ પરથી પણ ચાર કિલો સોનાનો જથ્થો જપ્ત કરવામાં આયકર વિભાગને સફળતા મળી છે. આ જથ્થો કોના દ્વારા મોકલવામાં આવ્યો હતો તે અંગેની તપાસ હવે એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટને સોંપવામાં આવી છે.

વેલ્લોરમાં ૨૪ કરોડની નવી નોટો જપ્ત

રેતીના વેપાર સાથે જોડાયેલા શેખર રેડ્ડીને ત્યાં દરોડા : એક કારમાંથી ૧૨ બોક્સ મળી આવ્યા : દરેક બોક્સમાં બે કરોડની ચલણી નોટો : કર્ણાટકમાં પણ આઇટીના દરોડા

ચેન્નાઈ, તા.૧૦

વેલ્લોરમાં ઈન્કમટેક્સ દ્વારા કરવામાં આવેલી દરોડાની કાર્યવાહીમાં ૨૪ કરોડ રૂપિયાના મૂલ્યવાળી ૨૦૦૦ની નોટ જપ્ત કરવામાં આવી છે. ગુરુવારે ચેન્નાઈમાં રેતીના વ્યવસાય સાથે સંકળાયેલા શેખર રેડ્ડીના આઠ જેટલા સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. ઈન્કમટેક્સ વિભાગે કરેલી કાર્યવાહી દરમિયાન એક કારમાં રાખવામાં આવેલા ૧૨ જેટલા ડબ્બાઓની તપાસ કરવામાં આવી હતી. ૧૨ ડબ્બાઓમાં દરેક ડબ્બામાં બે બે કરોડ રૂપિયાની રકમ મળી આવી છે. અહેવાલ મુજબ શેખર રેડ્ડીના ત્યાં આઠ જેટલા સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે જેમાં ૧૦ કરોડ રૂપિયાની નવી નોટ અને ૧૨૭ કિલો સોના સાથે ૧૪૨ કરોડના બ્લેકમનીની વિગતો ખુલવા પામી છે. દરમિયાન આંધ્રપ્રદેશ સરકારે જે શેખર રેડ્ડીની તિરુપતિ દેવસ્થાનમાંથી હકાલપટ્ટી કરી છે. તિરુપતિ દેવસ્થાનમાં તે સભ્યપદ ધરાવતા હતા. ઈન્કમટેક્સ વિભાગ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન આ નોટોને સતત બે દિવસ સુધી ગણવાની ફરજ પડી હતી. ઈન્કમટેક્સના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ ૧૦૦થી પણ વધુ અધિકારીઓ આ તપાસમાં જોડાયા હતા. ચેન્નાઈ અને વેલ્લોર એમ બે શહેરોમાં કુલ નવ જગ્યાએ દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. અધિકારીના કહેવા મુજબ જ્યારે રેડ્ડીને બે રૂમ ખોલવા માટે કહેવામાં આવ્યું ત્યારે તેમણે તેમની પાસે ચાવી ન હોવાનું કહેતા આ રુમના તાળા તોડી નાંખવામાં આવ્યા હતા જેમાંથી કેશ અને સોનું મળી આવ્યું હતું. બીજી તરફ કર્ણાટકમાં પણ આજે હવાલાના કારોબાર સાથે સંકળાયેલા વેપારીના ત્યાં આવકવેરા વિભાગ ત્રાટક્યું હતું. આવકવેરા વિભાગે હવાલાના વેપારીને ત્યાં ધંધાના સ્થળે અને ઘરે કાર્યવાહી કરતા રૂપિયા ૫.૭૦ કરોડની કિંમતની નવી નોટો જબ્ત કરવામાં આવી છે. દરમિયાન આ નોટોની સાથે ૯૦ લાખ રૂપિયાની જુની નોટો પણ આયકર વિભાગને મળી આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
31
અહીંથી કાપો
32

આંધ્રના તટ વિસ્તાર પર વરદા વાવાઝોડુ ત્રાટકવાની શક્યતા

તટ વિસ્તારના ચાર જિલ્લાઓને હાઇએલર્ટ ઉપર મુકાયા ખોરાક, દવા અને રોકડ સહિતની વ્યવસ્થા ઉભી કરાઈ

હૈદરાબાદ, તા.૧૦

આંધ્રપ્રદેશના તટ તરફ વરદા નામનું ચક્વાતી વાવાઝોડુ આગળ વધી રહ્યું છે જે સોમવારે બપોર સુધી આંધ્રપ્રદેશના મછલીપટ્ટનમના તટ ખાતે ત્રાટકવાની સંભાવના છે. આ અંગે હવામાન વિભાગે જારી કરેલી ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે, ભારે તોફાનની આશંકાના કારણે આંધ્રપ્રદેશ અને તમિળનાડુના માછીમારોને સમુદ્રમાં ન જવાની ચેતવણી આપવામાં આવી છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ પણ તોફાનની સંભાવનાને ધ્યાનમાં રાખીને એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. આ બેઠકમાં તેમણે કોઈપણ પ્રકારની ઉભી થનારી પરિસ્થિતિનો સામનો કરવા માટે વહીવટીતંત્રની કેટલી અને કયા પ્રકારની તૈયારીઓ છે તેની પણ સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ તમામ સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે ટેલિકોન્ફરન્સના માધ્યમથી વાતચીત કરી હતી અને વરદાના ચક્વાતી તોફાન સામે ક્યાં

● અનુસંધાન પાન-૭ પર

પાંચ ખાનગી બેંકોના વ્યવહાર પર કેન્દ્ર સરકારની બાજ નજર

નવી દિલ્હી, તા.૧૦

બ્લેક મનીને નિયંત્રણમાં લાવવા માટે સરકારે નોટબંધીને રામબાણ ઈલાજ માની નોટબંધી કરવાનો નિર્ણય તો કર્યો પરંતુ હવે જે પ્રમાણે બેંકોની મિલીભગતથી બ્લેક મની સફેદ નાણામાં ફેરવવામાં આવી રહી છે તેને લઈને સરકાર ચોંકી ઉઠી છે. એટલું જ નહિં પરંતુ સરકારે પાંચ જેટલી ખાનગી બેંકો ઉપર કડક નજર રાખવા અને તપાસ કરવા નાણા મંત્રાલયને આદેશ કર્યો છે. મળતી વિગતો મુજબ એફઆઈયુએ નાણા મંત્રાલયને કહ્યું છે કે બેંકો દ્વારા વિશાળ ફલક પર ગેરકાનૂની રીતે બ્લેક મનીને વ્હાઈટમાં ફેરવવામાં આવે છે. બાદમાં એફઆઈયુએ પાંચ જેટલી ખાનગી બેંકોની એક યાદી પણ નાણા મંત્રાલયને સોંપી છે. નાણા મંત્રાલયે આ પાંચ બેંકો દ્વારા કરવામાં આવતા ગોરખ ધંધાઓની તપાસ વિભિન્ન એજન્સીઓને સોંપી દીધી છે. એફઆઈયુના સૂત્રોના જણાવ્યા મુજબ તમામ કેન્દ્રિય અને રાજ્યની એજન્સીઓ બેંકો અને તેમના અધિકારીઓ તથા કર્મચારીઓની કાર્યવાહી પર નજર રાખી રહી છે. સાર્વજનિક અને ખાનગી બેંકોની એ તમામ શાખાઓને ધ્યાનમાં રાખવામાં આવી રહી છે કે જેની અનેક ફરિયાદો મળી છે. દેશમાં ચાર મુખ્ય ખાનગી બેંકોની ૧૦૦થી પણ વધુ શાખાઓ અને તેના ટોચના અધિકારીઓ શંકાના દાયરામાં મુકવામાં આવ્યા છે. જ્યાં નોટ બદલવાની વ્યવસ્થાની ડેટ લાઈન પુરી થયા બાદ બચત ખાતાઓમાં સતત ડિપોઝીટ કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ નાણા મંત્રાલયે રિઝર્વ બેંક અને સીબીડીટી સહિત અન્ય કેન્દ્રિય એજન્સીઓની વચ્ચે આ બેંકો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી મામલે બેઠક યોજવામાં આવી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

Sam's PIZZA™
Food, Friends & Fun, Unlimited...
Enjoy the PIZZARIOUS JOURNEY!
FROM SOUPS TO DESERTS
UNLIMITED OFFERS STARTS ONWARDS ₹215/-*
WEEKDAYS (MON-FRI) ₹215/Lunch* ₹250/Dinner*
WEEKENDS (SAT-SUN) ₹230/Lunch* ₹270/Dinner*
2 Type Soups, 21 types Salads, 2 types Hot Pasta, Toppings Garlic Breads, 3 types of Pizza & Desert(Brownie with Ice Cream
Sam's PIZZA™ Food Friends & Fun, Unlimited.
101, Super Mall - 2, Infocity, GH-0 Circle, Gandhinagar - 382 009
For more info call : +91 99099 21022 / 079 2321 3366
10% DISCOUNT FESTIVE OFFER
*T&C apply
*Bring this cutting for Discount in SAM'S PIZZA - GANDHINAGAR
* Show this coupons before Ordering.

સ્ટોક માર્કેટ ઓફિસ સ્ટાફ
ઈન્ફોસીટી●સે.૨૧●ચાંદખેડા●કલોલ●દહેગામ
ટર્મીનલ ઓપરેટર- ૫
ઓફીસ સ્ટાફ- ૭
કોમ્પ્યુટર ઓપરેટર- ૧૦
8000/- to 15000 + પેટ્રોલ + ઈન્સેટીવ
bestboi123@gmail.com
WhatsApp: 9974703401